# હિસાબ નિયામકશ્રીની કચેરી

ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

અગત્યનું

## પરિપત્ર

**વિષય:– ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ સાથે કરવાના થતા પત્ર વ્યવહારો ફક્ત ઈમેલ દ્વારા કરવા બાબત...**

આથી સંબંધિત સર્વેને જણાવવાનું કે, અત્રેની કચેરીના ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ સાથે કરવાના થતા તમામ પ્રકારના પત્ર વ્યવહારો હાલ યુનિવર્સિટીના જુદાજુદા યુનિટો/ સબ યુનિટો તરફથી હાર્ડ કોપી સ્વરૂપે મોકલાવવામાં આવે છે. જે આ પરિપત્ર થયેથી તમામ પ્રકારના પત્રો **તા. ૦૧/૦૪/૨૦૨૨** થી **હાર્ડ કોપી સ્વરૂપે સ્વીકારવાનું બંધ કરેલ છે.** આથી હવે પછી તમામ પ્રકારના પત્રો અત્રેની કચેરીના ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગને ફક્ત ઈમેલ દ્વારા સોફ્ટ/સ્કેન કોપી સ્વરૂપે itcell@nau.in ઉપર મોકલાવવા જણાવવામાં આવે છે.

વધુમાં, અત્રેની કચેરીના **ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ** તરફથી અત્રેની યુનિવર્સિટીમાં અન્ય કોઈપણ કચેરી/વિભાગને કરવાના થતા તમામ પ્રકારના પત્ર વ્યવહારો પણ ફક્ત ઈમેલ દ્વારા જ જે તે કચેરી/વિભાગને સોફ્ટ/સ્કેન કોપી સ્વરૂપે મોકલાવવામાં આવશે (ફક્ત itcell@nau.in ઉપરથી મોકલાવેલ ઈમેલ તેમજ જે તે સમયે ઈ.આર.પી. સોફ્ટવેર દ્વારા (@nau.in domain only) મોકલાવવામાં આવતા ઓટો મેઈલ જ માન્ય રાખવા). ઉક્ત તમામ ઇમેલ દ્વારા કરવાના થતા ઇમેલ પત્ર વ્યવહારો યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ અને વિભાગીય વડાશ્રીઓના ઓફિસીયલ ઇમેલ એકાઉન્ટ (@nau.in domain only) ઉપરથી કરવામાં આવશે તો જ માન્ય રાખવામાં આવશે, **કોઈપણ કચેરીના ટેબલ પ્રમાણે ફાળવેલ/ બનાવવામાં આવેલ ઈમેલ એકાઉન્ટ ઉપરથી અત્રે સીધો ઈમેલ દ્વારા પત્ર વ્યવહાર કરવો નહીં**.

ઉક્ત પરિપત્ર સમય અને સ્ટેશનરીના બચાવ માટે યુનિવર્સિટીના હિતમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**જા.નં. નકૃયુ/હિનિ/આઈ.ટી./૧૨૧/૨૦૨૨**
**નવસારી, તા. ૦૧/૦૪/૨૦૨૨**

**નિયંત્રણ અધિકારી(આઈ.ટી.)**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.